નં.જીઆઈડીસી/એએન્ડએમ/સીઆઈઆર/કોસ્ટ/ ૧૦
જીઆઈડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા:૨૦-૦૨-૨૦૧૯

# // પરિપત્ર //

ગુજરાત સરકારશ્રી ધ્વારા ઉદ્યોગોના વિકાસ માટે, ગુજરાત રાજ્યમાં જુદી જુદી જગ્યાએ જી.આઈ.ડી.સી. સ્થાપવાનું નકકી કરેલ છે. જેના ભાગરૂપે નિગમ ધ્વારા દાહોદ જિલ્લામાં આવેલ **દાહોદ-૨ ઔદ્યોગિક વસાહતના વિસ્તરણ** માટે મોજે : ખરેડી મુકામે જમીન સંપાદન કરી, ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું નકકી કરેલ છે. સદર **દાહોદ-૨ (ખરેડી-વિસ્તરણ)** વસાહતની જમીનનો ફાળવણી દર **રૂા.૭૫૦/- પ્રતિ ચો.મી.દીઠ (અંદાજિત)** નકકી કરવામાં આવે છે.

સદર વસાહતમાં થનાર જમીન ખર્ચ તથા વિકાસ ખર્ચની વિગતો અંદાજિત હોઈ, આખરી થયે, તફાવતની રકમ, વસાહતના તમામ ફાળવણીદારો પાસેથી નિગમના નીતિ નિયમ મુજબ અલગથી વસૂલ કરવાની રહેશે. જે અંગે સ્પષ્ટ ઉલ્લેખ ફાળવણીદારોના ફાળવણી પત્ર અને કરારખત / લીઝડીડ વિગેરેમાં અચૂક ઉલ્લેખ કરવાનો રહેશે.

ઉપરોક્ત વસાહતના કિસ્સામાં એમ.એસ.એમ.ઈ. અંગેની કોઈ સબસીડીનો લાભ, તે અંગેના સ્પષ્ટ હુકમો સિવાય આપવાનો રહેશે નહી.

ઉપરોક્ત વસાહતની ફાળવણી બાબતે ફાળવણી દર સિવાયની અન્ય બાબતો યથાવત રહેશે.

**સહી/-**
**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,**
**જીઆઈડીસી,ગાંધીનગર.**

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ........

રવાના કર્યું.

**મેનેજર(મહેકમ)**
**જીઆઈડીસી,ગાંધીનગર.**